AHMEDABAD, SATURDAY, APRIL 20, 2019 | VOL.NO-4, ISSUE NO-8 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE - 8 | INVITATION PRICE: ₹20/-

# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

RNI NO. GUJGUJ/2015/64872


MONTHLY NEWS PAPER

The Open Page, 4th Floor Vishwa Arcade, Opp. Kum-Kum Party Plot, Nr. Akhbarnagar, Nava Wadaj, Ahmedabad - 380013 | Ph : 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?


**ઉનાળામાં બાળકોએ જંક ફુડ ન ખાવા જોઇએ...**

આપણો દેશ મિશ્ર ઋતુઓનો બનેલો દેશ છે. વર્ષ દરમિયાન આપણને ત્રણ ઋતુનો અનુભવ થાય છે. મોટેભાગે ઉનાળાની ગરમીનો સમયગાળો આપણે ત્યાં વધારે જોવા મળે છે. **પેજ ૩**






**ચતુરાઇ કોઇનો ઇજારો નથી**

અકબરના દરબારમાં મોટાભાગના દરબારીઓ બિરબલની ખુબ જ ઇર્ષા કરતા. ૨ેક દિવસ બધાએ ભેગા થઇને તેને ફસાવવાનું નક્કી કર્યું. **પેજ ૪-૫**



**ગુજરાતની પહેલી વર્લ્ડ હેરીટેજ સાઇટ..**

વેકેશન શરુ થતા જ બાળકો અને પેરેન્ટ્સ માટે ક્યાં ફરવા જવું તેના પર ખુબ જ ચર્ચા દરેક ઘરોમાં જોવા મળી છે. પરંતુ વિદેશોમાં ફરવા જતા પહેલા આપણા દેશની અલભ્ય સંસ્કૃતિને જાણી લેવી પણ એટલી જ જારૃરી હોય છે. **પેજ ૬**



**ચંદ્ર પર પાણી શોધનારો ભારત દુનિયાનો પહેલો દેશ છે**

ભારત અંતરીક્ષમાં તરતા સેટેલાઇટને તોડી શકે તેવી ટેકનોલોજી વિકસાવનારા દેશની શ્રેણીમાં વિશ્વમાં ચોથા નંબરનો દેશ બન્યો છે. જેની પાસે બીજા સેટેલાઇટ તોડવાની ટેકનોલોજી છે. **પેજ ૭**


**વેકેશનની શુભેચ્છા...**

વેકેશન શરૃ થતાંની સાથે બાળકોને તેમના મનપસંદ **"ધી ઓપન પેજ"** તરફથી વેકેશનની શુભેચ્છા, હવે પછીનો અંક ૨૦મી જૂને આવશે.

# RTEથી મળી રહ્યો છે ગરીબ - વંચિત બાળકોને સમાન શિક્ષણનો લાભ




ફુલગુરૂ

દરેક વાલીનું સપનું હોય છે કે પોતાનું બાળક સારુ શિક્ષણ લઈને ઉચ્ચ અભ્યાસ કરીને પોતાનું નામ રોશન કરે. પરંતુ મોંઘા થતા શિક્ષણ વચ્ચે સારી ખાનગી સ્કૂલોમાં એડમિશન મેળવવું અને તેના દરેક ધોરણની ફીની સાથે વિવિધ પ્રવૃત્તિમાં જોડાઈ રહેવું શક્ય હોતું નથી. કારણ કે સ્કૂલની ફી સિવાય પણ ઘણી પ્રવૃત્તિ માટે અલગથી રકમ આપવી પડતી હોય છે. ઘણીવાર એવું પણ બનતું હતું કે વાલીના ઘરની આસપાસ નજીકમાં જ સારી સ્કૂલ હોવા છતા દુર સ્કૂલમાં બાળકોને એડમિશન અપાવવું પડે છે. જેને ધ્યાનમાં રાખીને વાલી પોતાના બાળકને સારી સ્કૂલમાં એડમિશન આપીને ફ્રીમાં અભ્યાસ કરાવી શકે તે માટે સરકારે બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર – ૨૦૧૨ નિયમ બનાવ્યો છે. જે અંતર્ગત દરેક ખાનગી સ્કૂલોએ પોતાની સીટોની ૨૫ ટકા સીટો આરટીઈના બાળકો માટે અનામત રાખવી પડશે. આ અનામત સીટો પર માત્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલા વિદ્યાર્થીઓની જ ભરતી થઈ શકશે. સ્કૂલ પોતાની રીતે આ અનામત સીટો પર ભરતી કરી શકશે નહીં.

ગરીબ અને મધ્યમવર્ગના બાળકો જાણીતી ખાનગી સ્કૂલોમાં અભ્યાસ કરી શકે તે માટે સરકાર પ્રયત્નશીલ છે. ઓછી આવક ધરાવતા વાલીઓ પણ પોતાના બાળકોને પ્રાઈવેટ સ્કૂલોમાં એડમિશન અપાઈ શકે છે અને તે પણ તદ્દન ફ્રી. કેન્દ્ર સરકારે બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ -૨૦૦૯ અને બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર - ૨૦૧૨ અંતર્ગત દરેક ખાનગી સ્કૂલોએ પોતાની સીટો માંથી ૨૫ સીટો ગરીબ બાળકો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે ગરીબ અને નબળા વર્ગના બાળકોને પણ સમાન શિક્ષણનો લાભ મળે. ગુજરાત સરકારે ૨૩ મે ૨૦૧૩ના રોજ ઠરાવ કરીને દરેક સ્કૂલોને સુચના આપી હતી. જેથી ૨૦૧૩થી દરેક ખાનગી સ્કૂલોમાં ધોરણ-૧થી સરકાર ઓનલાઈન ફોર્મ ભરેલા બાળકોને વિનામુલ્યે પ્રવેશ અપાવે છે.

## આવક મર્યાદાને આધારે પણ પ્રવેશ મળી શકે છે

સરકારના ઠરાવ પ્રમાણે વિદ્યાર્થીના વાલીઓની આવક મર્યાદા પણ આ બાબતમાં ધ્યાને લેવાશે. જેમાં શહેરી વિસ્તારમાં રહેલા વાલીની આવક મર્યાદા ૧.૫૦ લાખ અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વાલીઓ માટે આવક મર્યાદા ૧.૨૦ લાખ નક્કી કરવામાં આવી છે. પરંતુ પ્રવેશ પ્રક્રિયામાં સૌથી ઓછી આવક ધરાવતા વાલીઓના બાળકોને પ્રવેશ પ્રક્રિયામાં અગ્રતા આપવામાં આવશે. પ્રવેશ માટે વાલીઓ સૌથી પહેલા ૧ કિ.મીના વિસ્તારમાં આવતી સ્કૂલો પસંદ કરી શકશે, પરંતુ જો ૧ કિલોમિટરના વિસ્તારમાં સારી સ્કૂલની ફેસેલિટી ઉપલબ્ધ ન હોય તો ૬ કિ.મી સુધીના અંતમાં આવેલી સ્કૂલો પસંદ કરી શકે છે. આરટીઈમાં પ્રવેશ માટે અરજી કરનારા બાળકની ઉંમર ૧ જુન સુધીમાં ૫ વર્ષ પુરા થયેલા હોવા જોઈએ અને ૭ વર્ષ કરતા ઓછી ઉંમર ધરાવતો હોવો જોઈએ. આ સાથે જ જે વિદ્યાર્થી ધો.૧ અથવા ૨માં અભ્યાસ કરતો હોય તો તે ફરી ધો.૧માં આરટીઈ અંતર્ગત પ્રવેશ મેળવી શકશે નહીં. યોગ્ય અને જરુરિયાત ધરાવતા વાલીઓને જ લાભ મળે તે માટે સરકારે દરેક સ્કૂલોને પણ છુટ આપી છે કે જો ખોટા દસ્તાવેજો સાથે કોઈ વાલી ઝડપાય તો તેની કામે પોલીસ કેસ સુધીની કાર્યવાહી સ્કૂલ કરી શકે છે.




### આ બાળકોને લાભ મળી શકે છે

- અનાથ બાળક
- સંભાળ અને સંરક્ષણની જરુરિયાત વાળુ બાળક
- ભાલગ્રૃહના બાળકો
- ભાળ મજૂર- સ્થળાંતરીત મજુરના બાળકો
- મંદબુદ્ધી સેરેબ્રલ પાલ્સી બાળકો
- એચઆઇવીથી અસરગ્રસ્ત બાળકો
- ફરજ દરમિયાન શહિદ થયેલા લશ્કરી જવાનના બાળકો
- ૦થી ૨૦નો આંક ધરાવતા તમામ કેટેગેરીના બીપીએલ કુટુંબો
- અનુસુચિત જાતી અને અનુસુચીત જનજાતીના બાળકો
- સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગ- વિચારો અને વિમુક્ત જાતીના બાળકો
- જનરલ અને બિન અનામત વર્ગના બાળકો

## માત્ર ધો.૧ પુરતુ નહીં પરંતુ ધો.૮ સુધી વિનામુલ્યે પ્રવેશ મળે છે

આરટીઈ અંતર્ગત ખાનગી સ્કૂલોમાં ધો.૧માં પ્રવેશ આપવામાં આવે છે. આ પ્રવેશ માત્ર એક જ ધોરણ પુરતો મર્યાદીત નથી. પરંતુ પ્રાથમિક શાળામાં જ્યાં સુધી બાળક અભ્યાસ કરે છે ત્યાં સુધી સ્કૂલમાં તે કોઈ ફી આપ્યા વગર જ એટલે કે ફ્રીમાં જ અભ્યાસ કરશે. ઘણા વાલીઓને એવું હોય છે કે ધો.૧માં પ્રવેશ મળવ્યો છે એટલે એજ ધોરણ પુરતું ફ્રીમાં રહેશે, પરંતુ ધો.૮ સુધી આરટીઈ અંતર્ગત એડમિશન મેળવેલા વિદ્યાર્થીઓએ કોઈ જ ફી ભરવાની રહેશે નહીં.

## આરટીઇ ૨૦૧૯ના વર્ષના લેટેસ્ટ અપડેટઃ

ઓનલાઈન પ્રવેશ માટેની તારીખ લંબાવવામાં આવી, હવે ૨૫ એપ્રિલ સુધી વાલીઓ ઓન લાઈન ફોર્મ ભરી શકશે. આ સાથે જ પ્રવેશ માટેનો પહેલો રાઉન્ડ ૬ મે સુધીમાં જાહેર કરશે, જ્યારે કે ૧૩ મેના રોજ પ્રવેશ માટે ફાળવેલ વિદ્યાર્થીઓ સ્કૂલ પર એડમિશન કન્ફર્મ કરીને પોતાના દસ્તાવેજો સ્કૂલમાં આપશે.

## ગરીબ બાળકો માટે આશિર્વાદરુપ યોજના બનશે

સરકાર દ્વારા આરટીઈ અંતર્ગત ગરીબ અને વંચીત જુથના બાળકોને આપવામાં આવતો પ્રવેશ આશિર્વાદરુપ બનશે. કારણ કે જાણીતી ખાનગી સ્કૂલોમાં અભ્યાસ કરીને બાળકો પોતાનું ફ્યુચર બનાવી શકશે. જેનો લાભ બાળકોને તો થશે પરંતુ વાલીઓને પણ સારી સ્કૂલમાં પોતાના બાળકોને અભ્યાસ કરાવવાનો લાભ મળશે. જે વાલીઓ પૈસાના અભાવે પોતાના બાળકોને સારી સ્કૂલમાં અભ્યાસ નહોતા કરાવી શકતા તેઓ ગર્વ સાથે પોતાના બાળકોને સ્કૂલમાં અભ્યાસ કરાવી શકશે.







## ડિવાઇન લાઇફ સ્કૂલ વાસણા ખાતે ઇન્ટરસ્કૂલ ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું

ડિવાઈન લાઈફ સ્કૂલનો વ્યાયામ શિક્ષક મેહુલ એ. શાહ તથા ચિફ આર્બિટર ભાગ્યેશ સાધુના નેજા હેઠળ ઈન્ટર સ્કૂલ ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં ૫૦ થી વધારે સ્કૂલ તથા ૧૮૦ થી વધારે વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક પાર્ટીસીપેટને સર્ટીફીકેટ તથા મેડલ આપવામાં આવ્યાં હતાં તેમાં ગ્રુપ એ માં ઉદ્‌ગમ સ્કૂલ, ગ્રુપ બી માં ડી.એ.વી. તથા ગ્રુપ સીમાં એચ.બી.કે. સ્કૂલે ચેમ્પિયન ટ્રોફી વિજેતા બની હતી. વ્યક્તિગત રીતે ગ્રુપ એ નાં વિજેતામાં પ્રથમ સ્કૂલ નંબરે જવલ એસ. પટેલ, ઉદ્‌ગમ સ્કૂલ બીજા નંબરે એર્નવ ભાવસાર (પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ) અને ત્રીજા નંબરે આતમન રાવલ, (જીઆઈઆઈએસ) વિજેતા બન્યા હતાં. ગ્રુપ બીમાં પ્રથમ નંબરે તીર્થ જે. દોશી (સી.એન. ઈંગ્લિશ સ્કૂલ) બીજા નંબરે શ્લોક શિવનારાયણ (રચના સ્કૂલ) અને ત્રીજા નંબરે હરપાલ પટેલ (એસ.જી.વી.પી સ્કૂલ) વિજેતા બન્યા હતા. જ્યારે ગ્રુપ સીમાં પ્રથમ નંબરે રાજ વ્યાસ (ગીરધરનગર હાયર સેકન્ડરી સ્કલૂ), બીજા નંબરે ઉજ્જવલ બંસલ (શાંતિ એસએટીક) અને ત્રીજા નંબરે દિવવિજ ચિંચારા (ડીપીએસ) વિજેતા બન્યાં હતા. શાળાનાં ટ્રસ્ટી શ્રી ભાવિક મિરાની, આચાર્યશ્રી ડિમ્પલબેન શાહ અને શ્રી સુવર્ણા બેન સેલતે વિજેતા ટીમ અને પ્લેયર્સને હાર્દિક શુભેચ્છા પાઠવી છે.



## પક્ષી પરબ વિતરણ

મહુવા તાલુકાની આંગણકા શાળા અને પર્યાવરણ મિત્ર સંસ્થા દ્વારા મહુવા ખાતે વિશ્વ ચકલી દિન નિમિત્તે પક્ષી પરબ કૂંડા મૂકી જીવદયા માટે અપીલ કરવામાં આવી હતી. ૫૦૦ જેટલા માળા અને કૂંડા અભિયાન પ્રણેતા શૈલેષ બારૈયા અને પ્રવીણ મકવાણા દ્વારા વિતરણ થયા હતા. ૨૧ માર્ચ વિશ્વ વન દિને લોકો આવનારા ચોમાસા માટે વધુ વૃક્ષો વાવી ગામ અને શહેરને હરિયાળુ બનાવે તે માટે વનોને પ્રેમ કરતાં શીખવાની અપીલ કરવામાં આવી હતી. ‘એક ઘર એક વૃક્ષ’ વાત કૂંડા અને ચકલી ઘર દ્વારા લોકોને સમજાવી હતી.





## નિકોલ વિસ્તારની રામેશ્વર સ્કૂલ



ગુજરાતથી નેપાળ સુધી કલા અને કલાકારની સફર દેશને ગૌરવ અપાવશે. નિકોલ વિસ્તારની રામેશ્વર સ્કૂલ ના આચાર્ય શિક્ષણની સાથોસાથ ચિત્રકલા અને તસવીરકલા ક્ષેત્રે સતત કાર્યરત છે. તાજેતરમાં તેમણે પી.એમ. મોદીજીનું માસ્ટર કી ઓફ ઈન્ડિયા ટાઈટલ હેઠળ બનાવેલ ચિત્ર ૧ થી ૫ એપ્રિલ સુધી રાજકોટની આર્ટ ગેલેરીમાં પ્રદર્શિત થશે. અન્ય ચિત્રો ૧૪ થી ૧૮ એપ્રિલ સુધી નેપાળની આર્ટ ગેલેરીમાં પ્રદર્શિત થશે. નેપાળ ખાતે સાત દેશોના કલાકારોના ચિત્રો પ્રદર્શિત થશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન તસવીરકાર સ્વપ્રીલ આચાર્ય કરશે.



## માધવ વિદ્યાસંકુલમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન



માધવ વિદ્યાસંકુલમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ નૃત્ય પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીની ક્રિએટિવિટીને સ્ટેજ અપાયું હતું.




## ‘ળ’ ન હોત તો?

‘ળ’ ન હોત તો-
ગોળ ગળ્યો ના હોત
સઘળું સળવળતું ના હોત
ફળિયે મળ્યા ના હોત
સપનાનાં સોળ ના હોત
હથેળી ના હોત
તો માળવે મેળાપ પણ કેમ નો હોત
મેળે મેળાવડો ના હોત
વાંસળી થકી વ્યાકુળ ના હોત
આંગળી ના હોત
ને કાગળ ઝળક્યાં ના હોત
વાદળ વરસ્યાં ના હોત
જળ ખળખળ ના હોત
તળાવ છલક્યાં ના હોત
અરે-
કોઈ આગળ ના હોત
કોઈ પાછળ ના હોત
કોઈ છળ ના હોત
કોઈ વળ ના હોત
કોઈ ચળ ના હોત
અરે-
આ સુંદર પળ પણ ના હોત
પણ હા,
‘ળ’ છે તો-
હળવું, મળવું, ભળવું ના હોત
અરે,
નિશાળ ના હોત
ને જગત આટલું વિશાળ ના હોત


**-વત્સલ વૈષ્ણવ**

**તમારી શાળામાં થતાં વિવિધ કાર્યક્રમોની માહિતી ‘ધી ઓપન પેજ’માં પ્રસિદ્ધ કરવા માટે info@theopenpage.co.in પર મોકલવી.**

**વૈધાનિક સૂચના:** ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

# ઉનાળામાં પેરેન્ટ્સને ટીપ્સઃ બાળકને જંક ફુડ થી દુર રાખો, બપોરે બહાર રમવાનું ટાળો

આપણો દેશ મિશ્ર ઋતુઓનો બનેલો દેશ છે. વર્ષ દરમિયાન આપણને ત્રણ ઋતુનો અનુભવ થાય છે. મોટેભાગે ઉનાળાની ગરમીનો સમયગાળો આપણે ત્યાં વધારે જોવા મળે છે. તેમાં પણ વેકેશનની સાથે ઉનાળાની ગરમીની પણ શરુઆત થઇ જાય છે. જો આ સમય ગાળામાં આપણે શરીરનું ધ્યાન નહીં રાખીએ તો શરીર પર ગરમીની ખરાબ અસર થઇ શકે છે. કારણ કે વેકેશનના આપણે બહાર ફરવા જઇએ છીએ, ઉપરાંત મેદાનની રમતો પણ વધારે રમીએ છીએ. ઉનાળાની સિઝન દરમિયાન એ બાબતનું ધ્યાન ખાસ માતા પિતાએ રાખવું જોઇએ કે પોતાના બાળકો આ સિઝન દરમિયાન જંક ફુડથી દુર રહે. ગરમીની સિઝન દરમિયાન પિત્ઝા, પાસ્તા, બર્ગર જેવા મસાલેદાર જંક ફુડ વધારે પ્રમાણમાં ન ખવાય, જો બાળકો આ સિઝનમાં સાવ જંકફુડથી દુર રહે તો સૌથી બેસ્ટ. કારણ કે મસાલેદાર ખોરાકને કારણે શરીરમાં ગરમીનું પ્રમાણ વધે છે. જંકફુડની જગ્યાએ તેને તરબુચ, કીવી, સાકર ટેટી વગેરે ફળોનું જ્યુસ આપો. આ તમામ ફળોમાં એન્ટી ઓક્સીડન્ટ પુરતા પ્રમાણમાં જોવા મળે છે. જે બાળકને ડિહાઇડ્રેશનથી બચાવે છે.



## ગરમીથી બચવાના ઘરેલુ ઉપાયો

સાદુ પાણી તમારી સ્કીનને તાજી રાખે છે. જો તમે પોતાના શરીરમાં આળસ કે શરીરમાં દુખાવાનો અનુભવ કરો છો તો પાણીના સ્પ્રે ચહેરા પર કરવાની તમે પોતાને ફ્રેશ અનુભવી શકશો. એક બોટલમાં પાણીમાં પરફ્યુમના થોડા ટીપા નાખીને થોડા થોડા સમયે પોતાના મો પર કે શરીર પર લગાવશો તો તમે ફ્રેશ અનુભવશો. ખારાના જ્યુસને મોં પર લગાવવાથી તેને તમે મોશ્ચુરાઇઝ તરીકે ગણી શકશો. તેનાથી ચહેરા પર ઠંકડ લાગશે. સાથે જ તમે સનબર્નની સમસ્યાઓથી પણ બચશો.

## દિવસની સીધી ગરમીથી બાળકને બચાવો

ગરમીની સિઝન દરમિયાન બાળકોને સુરક્ષીત રાખવા માટે સૌથી સારો રસ્તો છે કે બાળકોને બપોરના સમયે એટલે કે ૧૨થી ૪ વાગ્યા દરમિયાન સીધા તડકામાં ન આવવા દો. આ દરમિયાન બાળકોને ઘરમાં જ વિવિધ રમતો રમવા દો. બાળકોને સાંજે બને ત્યાં સુધી બહાર મેદાનમાં રમવા દો. કારણ કે સાંજે ગરમીનું પ્રમાણ ઓછુ હશે. અને લુ લાગવાનો પણ ચાન્સ ઘટી જશે.

## પુરતા પ્રમાણમાં પાણી પીઓ

તાપમાન વધતાની સાથે જ તમને ખ્યાલ આવવો જોઇએ કે બાળકોને દરરોજ પુરતા પ્રમાણમાં પાણી પીવડાવવું જોઇએ. તેમની માટે દિવસભર પાણી પીવું ખુબ જરૂરી હોય છે. ખાસકરીને બાળકો જ્યારે ગરમીમાં રમતા હોય. પાણી પીવાનો સૌથી મોટો ફાયદો એ છે કે પાણી શરીરમાં રહેલી વિષાયુક્ત તત્વો બહાર કાઢે છે. સાથે જ લોહીનું સરક્યુલેશન પણ સારી રીતે થાય છે.

## ગરમીમાં બાળકોની ખાસ સંભાળ લો

તાપમાન વધતાની સાથે જ તમને ખ્યાલ આવવો જોઇએ કે બાળકોને દરરોજ પુરતા પ્રમાણમાં પાણી પીવડાવવું જોઇએ. તેમની માટે દિવસભર પાણી પીવું ખુબ જરૂરી હોય છે. ખાસકરીને બાળકો જ્યારે ગરમીમાં રમતા હોય. પાણી પીવાનો સૌથી મોટો ફાયદો એ છે કે પાણી શરીરમાં રહેલી વિષાયુક્ત તત્વો બહાર કાઢે છે. સાથે જ લોહીનું સરક્યુલેશન પણ સારી રીતે થાય છે. બાળકો બહું નાજુક હોય છે. વાતાવરણમાં થોડા પણ બદલાવ આવે કે તરત જ તેની અસર તેમની હેલ્થ પર થાય છે. ગરમીની સિઝનમાં પણ બાળકોની ખાસ સંભાળ રાખવી જોઇએ. વેકેશનને કારણે બાળકો રમત ગમતની સાથે વિવિધ પ્રવૃત્તિઓમાં પણ જોડાયેલા જોવા મળે છે. છેલ્લા થોડા વર્ષોથી પ્રદુષણને કારણે ધરતીના તાપમાનમાં વધારો થયો છે. જેના કારણે શહેરી વિસ્તારોની સાથે ગ્રામિણ વિસ્તારોમાં પણ ગરમીમાં અસહ્ય વધારો થયો છે.

## ગરમીમાં છાસ હેલ્દી ડ્રીંક સાબીત થશે



ગરમીની સિઝનમાં છાશ સૌથી વધારે ગુણકારી ડ્રીંક સાબિત થશે. કારણ કે બહારના કોલ્ડ્રીંક્સ કે એનર્જિ ડ્રિંકને કારણે બાળકોના શરીરને આડઅસર થઇ શકે છે. જ્યારે કે છાસ કુદરતી પીણું હોવાથી ગરમી સામે રક્ષણ આપી શકે છે. આ ઉપરાંત બાળકોને ફળોનું તાજુ જ્યુસ, નારીયેળ પાણી, લિંબુનું શરબત વગેરે પણ આપી શકાય છે. બને ત્યાં સુધી અતી ઠંડુ પ્રવાહી ન પતી નોર્મલ ઠુંડુ પ્રવાહી જ પીવાનો આગ્રહ રાખો.

ગરમીની સિઝન દરમિયાન બાળકોને શરીરનું તાપમાન નિયમિત રહે તે પ્રકારના કપડા પહેરાવવાનો આગ્રહ રાખો. એકદમ ઘાંટા કલરના કપડા સુર્યના કિરણોનું સોશણ કરે છે. જ્યારે કે આછા કલરને કપડા સુર્યના કિરણોને પ્રતિબિંબ કરીને શરીર સુધી પંહોચવા દેતા નથી. પરીણામે શરીરને ગરમીથી બચવા માટે મદદ મળે છે, શરીર ઠંડુ રહે છે. માટે જ ગરમીની સિઝન દરમિયાન બાળકોને આછા કલરના કપડા પહેરાવવાનો આગ્રહ રાખો.

# હનુમાન જયંતી


જગતમાં સાત ચિરંજીવીઓમાં (અમર આત્માઓ) જેની ગણતરી થાય છે એવા શ્રી રામભક્ત હનુમાનનો જન્મ ચૈત્ર સુદ પૂનમને દિવસે થયો હતો. હનુમાનજીના જન્મની પૂર્વકથા વિલક્ષણ છે. પુંજિકસ્થલા નામની સ્વર્ગની અપ્સરાને અંગિરાઋષિએ વાનરીદેહ પામીશ અને પૃથ્વીલોકમાં જઇશ એવો શાપ આપ્યો. પુંજિકસ્થલાએ મફી માગી ત્યારે ઋષિએ આશીર્વાદ આપતાં કહ્યું, “તારે ત્યાં એક મહાન ભક્તનો જન્મ થશે જે ભગવાનની અખંડ સેવામાં રહેશે.” આ અપ્સરા વાનરરાજ કુંજરની પુત્રી અંજની તરીકે જન્મી અને સુમેરુ પર્વતના કપિરાજ કેસરી સાથ તેનાં લગ્ન થયાં. કેસરી અને અંજનીના તપથી, મહાદેવની, પ્રસન્નતાથી, વાયુદેવના આશીર્વાદથી ચૈત્રસુદ પુનમના દિને અંજનીના કૂખે શ્રી હનુમાનનું પરમ પાવનકારી પ્રાગટ્ય થયું.

નાનપણથી જ હનુમાન ખૂબ તેજસ્વી અને ચંચળ હતા. તેમને જનોઇ આપવામાં આવી ત્યારે સૂર્યને ગુરુ માની તેમણે જ્ઞાનપ્રદાન કરવા વિનંતી કરી, સૂર્યદેવે તેમને અનેક શસ્ત્ર અસ્ત્રનું જ્ઞાન આપ્યું. નાનપણમાં આ જ સૂર્યદેવને પાકેલું ફળ સમજી હનુમાનજીએ તેમને ગળી જવા છલાંગ લગાવી અને ગળી જવા તૈયાર થયા. પરંતુ ઇન્દ્રદેવે પોતાનું વજ્ર મારીને તેમને પાછા વાળ્યા. વજ્રપ્રહારથી બાળમારુતિની હનુ (દાઢી) ભાંગી ત્યારથી મારુતિ ‘હનુમાન’ ના નામે પ્રસિદ્ધ થયા. પછી તો તેમણે વરુણદેવ પાસેથી વરુણપાશનું બંધન નહી નડે. યમરાજા પાસેથી અજયોત્વ અને ચિર ઉત્સાહનું, બ્રહ્મા પાસેથી યુદ્ધમાં શત્રુને ભય પમાડવાનું, મિત્રોનો ભય દૂર કરવાનું, ઇચ્છા પ્રમાણે વિવિધરૂપો ધારણ કરવાનું, શિવજી પાસેથી દીર્ઘ આયુષ્યનું અને સમુદ્ર ઉલ્લંઘન કરવાનું સામર્થ્યનું વરદાન મેળવ્યું, આવી શક્તિઓ મળવાથી હનુમાન ખૂબ ઉન્મત્ત, અભિમાની બની ગયા અને ઋષિઓને હેરાન કરવા લાગ્યા. એક વખત ધ્યાનમાં લીન થયેલા ઋષિને હનુમાને પજવ્યા તેથી ભૃગુઋષિ અને અંગિરાઋષિએ શાપ આપ્યો કે તમારી શક્તિઓનું તમને વિસ્મરણ થઇ જશે



અને કોઇ દેવ સમાન વ્યક્તિ જ તે યાદ કરાવશે અને શક્તિનો ઉપયોગ કરાવી શકાશે. આ પછી હનુમાન સામાન્ય વાનરની જેમ રહેવા લાગ્યા. થોડા વર્ષે યુવાન થઇ કિષ્કિન્ધામાં સુગ્રીવના મંત્રી તરીકે રહ્યા. અને છેવટે સીતાજીની ભાળ મેળવવા રામ-લક્ષ્મણ આવ્યા ત્યારે પ્રભુરામ સાથ તેમનું પ્રથમ મિલન થયું. હનુમાનજીએ પોતાના જીવનું અંતિમ ધ્યેય, પોતાના અવતાર લેવાનો હેતુ, પોતાના આરાધ્ય મળી ગયા અને આ સાથ જ તેમનું નવું જીવન શરૂ થયું. રામના કાર્યમાં મદદ કરવા સુગ્રીવ અને હનુમાનજીએ મોટી વાનરસેના એકઠી કરી. જાંબુવાનની ટુકડી સાથ હનુમાન સમુદ્રકિનારે પહોંચ્યા. ત્યારે જાંબુવાને હનુમાનજીને તેની બળશક્તિનું સ્મરણ કરાવ્યું અને ‘જય શ્રી રામ’ ના નાદ સાથ મારુતિનંદને સમુદ્રલંઘન કરવા મોટું સ્વરૂપ ધારણ કરી એક મોટી ફલાંગ મારી. લંકા જઇ દેવી સીતાની શોધ કરી, લંકાનું નિરીક્ષણ કર્યું, વિભીષણને મળ્યા. અશોકવાટિકાને ખેદાન-મેદાન કરી અને છેવટે લંકાદહન કરી પોતાની શક્તિસિદ્ધિનો પરીચય આપ્યો અને રામપ્રભુ પાસે પરત ફર્યા, પાછા ફરી પ્રભુ નામે પથ્થરને પણ તરતા સમુદ્ર પર સેતુ બાંધ્યો અને પાછા રામસેના સાથ હનુમાન લંકાનગરી આવ્યા. પોતાના અતુલ્ય બળપરાક્રમથી રામરાવણ યુદ્ધમાં હજારો અસુરાને યમધામ પહોંચાડ્યા, ઇન્દ્રજીતના બાણથી મૂર્છિત રામલક્ષ્મણ માટે સંજીવની બુટ્ટી લેવા ગયા અને જડીબુટ્ટીને બદલે આખો દ્રોણાચાર્ય પર્વત ઊપાડી લાવ્યા. ભગવાનની દાસત્વ ભક્તિવાળામાં ભક્તિભાવ કેટલું અમાપ બળ જગાડે છે તેનું આ ઉત્તમ દૃષ્ટાંત છે. છેવટે રાવણ પર વિજય પામી રાવણવધ કરી શ્રી રામચંદ્રજી સાથ હનુમાનજી પણ અયોધ્યા આવ્યા. રામચંદ્રજીના રાજ્યાભિષેક વખતે સીતામૈયાએ તેમને મોતીની કીમતી માળા ભેટ આપી. પણ તેમાં રામ ક્યાં? રામ વિનાની એકે વસ્તુ હનુમાનને શેની ભાવે ? તેમણે કહ્યું, ‘આમા રામ નથી તેથી મારે આનું શું કામ ?’ રાજસભામાં કોઇએ પૂછ્યું, ‘તમારા શરીરમાં સીતારામ છે?’ તો ભક્ત હનુમાને છાતી ચીરીને રામસીતાના દર્શન કરાવ્યાં. ભગવાન તો આવી ભક્તિ જોઇ હનુમાનને ભેટી પડ્યાં. સાથ વરદાન પણ આપ્યાં કે જ્યાં મારી કથા હશે ત્યાં તું મારી સમક્ષ હોઇશ જ, ક્યારેય મારાથી દૂર નહી રહે.


## આપેલા ચિત્રમાં રંગ પૂરો



## નીચે દર્શાવ્યા પ્રમાણે ચિત્ર દોરતા શીખો



## આપેલા ચિત્રોને ક્રમશ થતી પ્રક્રિયાને નંબર આપી ચિત્રની માહિતી લખો




# ચતુરાઈ કોઈનો ઈજારો નથી

## બાળ વાર્તા

અકબરના દરબારમાં મોટાભાગના દરબારીઓ બિરબલની ખુબ જ ઈર્ષા કરતા. રૂેક દિવસ બધાએ ભેગા થઈને તેને ફસાવવાનું નક્કી કર્યું. તેમણે બાદશાહના મહાવતને પણ પોતાની યોજનામાં શામેલ કર્યો અને કહ્યું કે તારે રાજા પાસે થઈને કહેવાનું કે રાજાજી તમારો હાથી ગાંડો થયો છે. તે કોઈના કાબુમાં આવી શકે તેવો નથી. આ યોજનામાં મહાવતની સાથે રાજ્યના વૈદ્યને પણ જોડી દીધા.

મહાવત રાજા પાસે ગયો અને તેને જેમ સમજાવ્યો હતો તેમ તે બોલ્યો. રાજાએ તરત રાજવૈદને બોલાવ્યા અને તેનો ઈલાજ કરવા કહ્યું. પરંતુ રાજવૈદ્યે પણ તેમને સમજાવ્યું હતું તેમ તરત જ કહ્યું કે બાજરીના છોડના ડુંડાનું દારડુ વણી તેના વડે જો હાથીને બાંધીએ તો જ તે કાબુમાં આવશે.


અકબરે તો રાજસભામાં એલાન કર્યું કે જે બાજરીના ડુંડામાંથી દોરડુ વણી લાવશે તેને ૧૦૦૦ સોનામહોર આપવામાં આવશે. બધા જ વિચારમાં પડી ગયા. અકબરે ૧૫ દિવસનો સમય આપ્યો હતો. ૧૫ દિવસ બાદ રાજ દરબાર ભરાયો અને અકબરે તમામને દોરડા વિશે પુછ્યું. પરંતુ તમામ લોકો નિચું માથુ કરીને બેસી ગયા. કારણ કે કોઈને ખબર જ ન હતી કે આ દોરડુ કઇ રીતે બનાવી શકાય. પેલા દરબારીએ તકનો લાભ જોઈને કહ્યું કે દરબારમાં બિરબલ જેવા બાહોશ માણસ છે તો પછી કેમ બધા ગભરાવ છો. અકબરે પણ તેમની વાતમાં હાંનો સુર ઉમેર્યો. બિરબલ સમજી ગયો કે તેને ફસાવવાની ચાલ છે.



તેઓ તરત જ સમજી ગયા કે મારે કોઈ યુક્તિ કરવી પડશે. તેમણે રાજાને કહ્યું કે મને દસ મિનીટ આપવામાં આવે. રાજાએ મંજુરી આપી.

તમામ દરબારીઓને સંબોધીને તેમણે કહ્યું કે આ ચાળણીમાં કોઈ પાણી ભરીને આપે તો હું હાથીને બાંધવાની દોરી બનાવી દઉં. દરબારમાં હાજર લોકો સમજી ગયા. રાજાએ બિરબલને પુછ્યું કે ચારણીમાં કેવી રીતે પાણી ભરી શકાય. ઈબરબલે કહ્યું કે આ તમામ બાબતો મને ફસાવવા માટે કરવામાં આવ્યું છે. રાજા સમજી ગયા તેણે દરબારીઓને વૈદ્યને સજા કરી અને રાજાએ બિરબલને ૧૦૦ સોના મહોર ભેટમાં અપ્યા.

## નીચે દશવિલ સ્વાદિષ્ટ વસ્તુઓ સાથે આપેલ અલગ વસ્તુ પર ગોળ કરો




## નીચે આપેલા એક સરખા બે ચિત્રોમાં સાત તફાવત છે તે શોધો





## રસ્તો શોધવા મદદ કરો





## નીચે આપેલા ફૂલોના નામને શોધો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જૂ | હી | ત | મૂ | લી | ણ | ચ | મે | લી |
| ક | ચં | ગ | ગુ | લા | બ | રા | ળ | રા |
| લી | ખી | મો | રા | સૂ | ખી | જ | ન | ચ |
| ળ | ર | ગ | સી | ર્ય | સૂ | લી | લી | ળ |
| ક | લી | રો | દ | મુ | મા | પી | જા | ન |
| મ | ચા | જૂ | સૂ | ખી | પો | ક | ર | ણ |
| ળ | બા | ર્ય | જા | ળ | ત | મા | જા | કે |
| પા | ખી | પી | રા | ત | રા | ણી | મા | ળા |
| ર | ગુ | ડી | તી | કિ | જી | ચં | પો | પા |

ગુલાબ સૂર્યમુખી
કમળ જૂહી
ચંપો લીલી
ચમેલી મોગરો
કરેણ
રાતરાણી

## ગણતરી કરી સાચો જવાબ શોધો



# ગુજરાતની પહેલી વર્લ્ડ હેરીટેજ સાઇટ પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહી છે

**ચાંપાનેરના ઈતિહાસ, સ્થાપત્ય, કળા, વારસો, બાંધણી,નગર રચના પર આજની જનરેશની માટે રિસર્ચનો વિષય છે**

વેકેશન શરુ થતા જ બાળકો અને પેરેન્ટ્સ માટે ક્યાં ફરવા જવું તેના પર ખુબ જ ચર્ચા દરેક ઘરોમાં જોવા મળી છે. પરંતુ વિદેશોમાં ફરવા જતા પહેલા આપણા દેશની અલભ્ય સંસ્કૃતિને જાણી લેવી પણ એટલી જ જરूરી હોય છે. ભારતમાં નદી, પર્વતોની સાથે હેરીટેડ સાઇટનો અલભ્ય વારસો સચવાઈને રહેલો છે. બાળકો અંહી માત્ર ફરવા માટે પણ જઈ શકે છે અને હેરિટેજ સાઈટ પરથી નવી નવી બાબતોની જાણકારી પણ મેળવી શકે છે. ભારતની માફક ગુજરાત પાસે પણ હેરિટેજ સાઈટ્સનો ખુબ જ મોટો ખજાનો રહેલો છે. દર વર્ષે દેશ વિદેશથી હજારો લોકો ગુજરાતનો હેરિટેજ વારસો જોવા માટે આવે છે અત્યારે વર્લ્ડ હેરિટેજ સાઈટમાં ગુજરાતની બે સાઈટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઝો.જે ભવનના પુર્વ ડાયરેકટર ડો.આર.ટી સાવલિયા દ્વારા ચાંપ ાનેર પર એક રિસર્ચ પેપર તૈયાર કરવામાં આવ્યુ છે, જેમાં ચાંપાનેરના ઐતિહાસિક વારસો, કળા, નગરની બાંધાણી સ્થાપત્ય પર નાની નાની બાતોને લોકો સામે રજુ કરાઈ છે.

## કેવી રીતે થયું નામકરણ

ચાંપાનેરના નામ કરણ પાછળ પણ ઘણી કલ્પનાઓ રહેલી છે. ઘણી સાચી તો ઘણી ઉપડાવી કાઢેલી હોય તેવી લાગે છે. ઈતિહાસમાં એક કલ્પના એવી જોવા મળી છે કે વનરાજ ચાવડાના મંત્રી ચાંપા દ્વારા આ નગર વાસાવવામાં આવ્યું તેથી તેને ચાંપાનેર કહેવામાં આવે છે. પરંતુ ચાંપા ભીલના નામ પરથી આ ગામનુ નામ ચાંપાનેર પડયું હોય તેવી બીજી સંભાવના છે જૂના સમયમાં આ વિસ્તાર જંગલોથી આચ્છાદીત હતો તેના કારણે ભીલ જ્ઞાતિ વધારે જોવા મળતી હતી જે સમય જતા તેનો લોપ થયો છે. પાવાગઢમાં મોટેભાગે બેસાલ્ટ અને રોયોલાઈટનો પથ્થર મળી આવે છે આ પથ્થર ચંપક વર્ણ છે.આ પથ્થરોથી તૈયાર થયેલા મકાનોને કારણે તેને ચંપકનગર અથવા ચાંપાનેર કહેવામાં આવે છે.

## તળાવ પાસેથી મળી આવેલી ઘંટી સૌથી જૂનો અવશેષ પુરાવો છે

પ્રોફેસરના રીસર્ચ પેપેર પ્રમાણે જ્યારે ચાંપાનેર પર રિસર્ચ કરવામાં આવ્યું ત્યારે ત્યાં ખોદકામ દરમિયાન ઘણી મહત્વની ચિજ વસ્તુઓ મળી હતી. અહીંના વડા તળાવ પાસેના એક ખેતરમાંથી મળી આવેલી ઘંઉં દળવાની  ઘંટી અહીંનો સૌથી જૂનો અવશેષ હોવાનું જાણવા મળે છે. અત્યારે વપરાતી ઘંટીનું પડ પ્રમાણમાં પાતળુ અને ઘેરાવો મોટો અને તેના પરીઘ પાસે દળવા માટે એક ઉભું લાકડુ ફિટ કરવામાં આવ્યું છે જયારે કે જૂની ઘંટીઓનુ પડ જાડુ ઘેરાવો નાનો અને દળવા માટે લાકડાની દાંડી આડી ફિટ કરવામાં આવતી હતી આ પ્રકારની ઘંટી ઈ.સ પ્રથમ સદીના સમયગાળાની ઘંટી ઈ.સ પ્રથમ સદીના સમયગાળાની ઘંટી સાથેની સામ્યતા જોવા મળે છે.



**ચંપાનેરની કમાન આજે પણ અદ્વીતય છે** ગુજરાતના ઈતિહાસમાં અનોખુ સ્થાન ધરાવે ત્યાંની કલા કારીગરી ના નમૂનો આજે પણ અદ્વીતીય છે. કારણ કે જુના કાળમાં દરેક રાજા વિદેશોમાંથી કારીગરો બોલાવીને પોતાના રાજમહેલની શોભા વધારવા માટે વિવિધ પ્રકારના કલા કારીગરી કરાવતા હતા. ચાંપાનેરના તળાવો, કુંડો કમાનો વગેરેમાં કરવામાં આવેલી કારીગરી આજે પણ અદ્રભૂત છે. દુનિયામાં તમને એવુ બીજી કોઈ સંસ્કૃતિમાં જોવા મળશે નહીં. ચાંપાનેર પહેલા ત્યાં પાવાગઢ હતું મહંમદ બેગડાએ તે તે વિસ્તાર જીત્યા બાદ તેનો રાજધાની તરીકે વિકાસ કરાયો હતો.





**પ્રો. રામજી સાવલિયા**
પૂર્વ નિયામક ભો.જે.
વિદ્યાભવન, અમદાવાદ

## ચંપાનેરની ભોંયરા સિસ્ટમ ઓળખ હતી

ભોંયરામાં બાંધકામની અમુક ભાગ જમીનની અંદર રહે છે જ્યારે અમુક ભાગ જમીનની બહાર રહે છે તેમાં દાખલ થવા માટે બંને બાજુએ કમાન વાળા દરવાજા હતાં બપોરના સમયે ગરમીમાં પણ ઠંડકનો અહેસાસ થતો હતો ગુજરાતમાં મોટે ભાગે આ પ્રકારના બાંધકામો વધારે પ્રચલિત બન્યા હતા.

## અહેમદશાહે પણ ચાંપાનેર પર ચડાઇ કરી હતી

પાવગઢ પર ઈ.સ. ૧૪૮૪ની આસપાસ મહંમદ બેગડા દ્વારા ચડાઈ કરવામાં આવી હતી તેણે ત્યાં મોટી મસ્જિદ બંધાવી હતી પરંતુ આ પહેલા પણ પાવાગઢ પર અનેક વખત વિવિધ રાજાઓ દ્વારા ચડાઈ કરવામાં આવી હતી અમદાવાદના રાજા અહમદશાહે પણ ચાંપાનેર પર ચડાઈ કરી હોવાના પુરાવા મળે છે પરંતુ અહમદશાહ હારી ગયા હતા.

### અમદાવાદ અને ચાંપાનેર વચ્ચેની અનોખી સામ્યતા

- અમદાવાદ ના ઇતિહાસની સાથે ચાંપાનેરનો ઇતિહાસ પણ જોડાયેલો છે ત્યાંનુ બાંધકામ અને કળા કારીગરી સાથે મળતી આવતી હતી
- ચાંપાનેરની જુમ્મા મસ્જિદને અમદાવાદની જુમ્મા મસ્જિદને હેરના કેન્દ્ર સ્થાન તરીકે ઉપયોગ થાય તેવી રીતે તૈયાર કરવામાં આવી છે
- રાજદ્વારીઓના વસવાટ મહેલોની જમણી બાજુ બનાવવામાં આવ્યા છે ડાબી બાજુ કર્મચારી અને મજૂરોના રહેઠાણ જોવા મળે છે
- મસ્જિદની સામેના મેદાનમાં મોટું માર્કેટ પણ અમદાવાદની માફક જ જેવા મળતુ હતું. નગરના રસ્તાઓ. ચકલાઓ, બજાર વ્યવસ્થા વગેરે અમદાવાદની નગર રચના જેવી જ હતી. અમદાવાદના કોટના દરવાજા કરતા મહમ્મદાવાદના દરવાજા ઓછા હતા કારણ કે અમદાવાદમાં અલગ અલગ વિતારો વિવિધ લોકો દ્વારા સ્થાપવામાં આવ્યા હતા.



**૩૦ મેથી શરુ થઈ રહેલા ક્રિકેટના મહાસંગ્રામમાં વિજેતા બનવા દરેક દેશો પુરજોશ તૈયારી કરી રહ્યા છે. દરેક ટીમ પોતાના ઈતિહાસને બદલવા મેદાનમાં ઉતરશે. ભૂતકાળ પરથી બોધપાઠ લઈ ભવિષ્ય સુધારવા દરેક ખેલાડી પોતાનું ક્વ્વત આ મહાસંગ્રામમાં અજમાવશે. દરેક ટીમને બેસ્ટ ઓફ લક...**

# ઓસ્ટ્રેલિયા પાંચ વખત વર્લ્ડકપ વિજેતા બની છે

**ઈંગ્લેન્ડ:** ૧૯૭૫થી રમાઈ રહેલ વિશ્વકપમાં ઈંગ્લેન્ડની ટીમે દરેક વખતે ભાગ લીધો. પણ આજ સુધી તે એક પણ વખત જીતી નથી શકી. વિશ્વકપમાં ઈંગ્લેન્ડનું સૌથી સારૂ પ્રદર્શન ૧૯૭૯, ૧૯૮૭, ૧૯૯૨માં રહ્યું. પરંતુ ૧૯૯૯, ૨૦૦૩ અને ૨૦૧૫માં તેમણે ગ્રુપ સ્ટેજની બહાર નિકળવું પડ્યું. ઈંગ્લેન્ડની ટીમમાં ઘણાં એવા પ્રભાવશાળી ખેલાડી છે જે પોતાની તાકાત ઉપર મેચને જીતવાની સક્ષમતા રાખે છે.

**ભારત:** ભારત ટીમ વિશ્વ કપ જીતવા માટેનાં દાવેદારોમાં એક છે. હાલમાં જ તે ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ માં રમાઈ રહેલી એક-દિવસીય મેચને જીતીને પાછી ફરી છે. તેમાં આત્મવિશ્વાસ પૂરેપૂરો ભરેલો છે. વન-ડે ક્રિકેટનાં નંબરોમાં બીજા સ્થાને રહેલ ભારત માટે આ સારો મૌકો છે કે તે ૧૯૮૩નાં ઈતિહાસને કે જેમાં ભારતે ઈંગ્લેન્ડની ધરતી પર પ્રથમ વખત વિશ્વકપ જીત્યો હતો. દર વખતની જેમ ટીમને આગળ લક્ષ સુધી પહોંચાડવાની જવાબદારી કપ્તાન વિરાટ કોહલી પર રહેશે.

**પાકિસ્તાન:** આ એક એવી ટીમ છે જેને ક્રિકેટ જગતમાં 'અન પ્રેડિક્ટેબલ' કહેવાય છે. પોતાના સારા દિવસોમાં તે કોઈ પણ ટીમને હરાવવાની ક્ષમતા ધરાવે છે. ૨૪ વર્ષના બાબર આજુમ જેમની સરખામણી ભારતીય ટીમના કપ્તાન વિરાટ કોહલી સાથે કરવામાં આવે છે તે કદાચ આ ટીમ માટે ગેમ ચેંજરની ભૂમિકા ભજવે છે.



**દક્ષિણ આફ્રિકા:** જ્યારે જ્યારે વિશ્વકપની વાત આવે છે ત્યારે દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમને યાદ કરાય છે. વિશ્વ કપ આવતાં જે તે સસલામાંથી કાચબામાં પોતાને રૂપાંતર કરી દે છે. તેથી આ ટીમને લોકો મિસ્ટર-૩૬૦ કહે છે. કાગિસો રબાડા જેવા સારા બોલર છે કે જે ટીમને જીતાડવાની કાબેલિયત રાખે છે. ડેવિડ મિલર અને હાશિમ આમલા ઉપર ટીમની નાવ ને પાર લગાવવાની જવાબદારી રહેશે.

**વેસ્ટ ઈંડીઝ:** ૧૯૭૫ અને ૧૯૭૯ની વિશ્વ કપ ચેમ્પિયન ટીમ ૨૦૧૧ અને ૨૦૧૫માં ક્વાર્ટર ફાઈનલથી આગળ ના પહોંચી શકી. આ ટીમ વર્લ્ડ કપમાં ખતરો સાબિત થઈ શકે તેમ છે. ક્રિસ ગેલ કે જેમણે વિશ્વ કપ પછી સન્યાસ લેવાની વાત કરી દીધી છે તેઓ પોતાનાં છેલ્લા વિશ્વ કપમાં આ ટીમને જીતાડવામાં કોઈ કસર નહીં રાખે.

**ઓસ્ટ્રેલિયા:** વિશ્વ કપનાં ઈતિહાસમાં સૌથી સફળ ટીમ ઓસ્ટ્રેલિયા ૫ વખત વિનર બની ચુકી છે. અને આ વખતે પણ બીજા દેશો માટે ચુનૌતિ ઊભી કરી શકે છે. ટીમનાં મહત્વપૂર્ણ ખેલાડી છેલ્લા ૧ વર્ષથી ઈન્ટરનેશનલ ક્રિકેટ નથી રમી. બોલ ટેપરિંગમાં ૧ વર્ષ માટે પ્રતિબંધિત રહેલા સ્ટીવ સ્મિથ અને ડેવિડ વોર્નર આ વખતનાં વર્લ્ડ કપમાં સારી ભૂમિકા ભજવશે.

**ન્યૂઝીલેન્ડ:** આ ટીમ વિશ્વ કપમાં ૧ વખત ફાઈનલમાં અને ૬ વખત સેમી ફાઈનલ રહી ચૂકી છે. કપ્તાન કેન વિલિયમ્સને કારણે આ ટીમ ઘણી મજબૂત બની ચૂકી છે. અને સ્ટીમ પાસે એવા ખેલાડી છે કે જે તેમને વિશ્વ કપમાં આગળ લઈ જઈ શકે તેમ છે.ન્યૂઝીલેન્ડ હમણાં જ ભારતની સામે હારી ચૂકી છે. પરંતુ તેમને માટે સારી વાત એ છે કે માર્ટીન પાછા ફરી રહ્યા છે.

**શ્રીલંકા:** ૧૯૯૬માં વિશ્વ કપ ચેમ્પિયન બનેલી આ ટીમ હમણાંથી પાછળ પડી છે. ટીમને હજુ પણ ૧૫ ખેલાડીઓની વિશ્વ કપ માટેની શોધ ચાલુ છે. આવનાર વિશ્વ કપમાં તે કેવું પ્રદર્શન કરશે તે જોવું રહ્યું. ટીમનાં સૌથી જૂના અને અનુભવી બોલર મલિંગા જ ટીમની નાવ ને ડૂબતી બચાવી શકે તેમ છે.

**અફઘાનિસ્તાન:** ૨૦૧૮માં રમાયેલી એશિયા કપમાં ભારત જેવી મજબૂત ટીમ સાથે ટાઈ કરવાવાળી આ ટીમે જે રીતે આંતરાષ્ટ્રિય ક્રિકેટમાં પોતાનું સ્થાન મજબૂત કર્યું છે તે ખરેખર વખાણવા લાયક છે. ૨૦૧૫માં સૌથી નબળી ટીમ તરીકે તેમણે પોતાનું નામ નોંધાવ્યું હતું.

**બાંગ્લાદેશ:** ૨૦૦૩માં વિશ્વ કપમાં સેમી ફાઈનલીસ્ટ રહી ચૂકી છે. ૨૦૦૭નાં વિશ્વ કપમાં ભારતને હરાવી કરોડો ભારતીયનાં દિલ તોડ્યા હતા અને તે પછી બાકીની કોઈ ટીમ તેમને કમજોર સમજવાની ભૂલ નથી કર.ી આ વખતે પણ વિશ્વ કપમાં સારુ પ્રદર્શન કરીને પોતાનાં પ્રશંસકોને નાગિન ડાંસ કરાવીને પૂરા કરશે.

## ICC WORLD CUP TOURNAMENT 2019 SCHEDULE

| Date/Day | Match | Time (IST) | Venue |
|---|---|---|---|
| 30-May, Thu | England vs South Africa | 3:00 PM | Kennington Oval, London |
| 31-May, Fri | West Indies vs Pakistan | 3:00 PM | Trent Bridge, Nottingham |
| 1-June, Sat | New Zealand vs Sri Lanka | 3:00 PM | Sophia Gardens, Cardiff |
| 1-June, Sat | Afghanistan vs Australia | 6:00 PM | County Ground, Bristol |
| 2-June, Sun | South Africa vs Bangladesh | 3:00 PM | Kennington Oval, London |
| 3-June, Mon | England vs Pakistan | 3:00 PM | Trent Bridge, Nottingham |
| 4-June, Tue | Afghanistan vs Sri Lanka | 3:00 PM | Sophia Gardens, Cardiff |
| 5-June, Wed | South Africa vs India | 3:00 PM | The Rose Bowl, Southampton |
| 5-June, Wed | Bangladesh vs New Zealand | 6:00 PM | Kennington Oval, London |
| 6-June, Thu | Australia vs West Indies | 3:00 PM | Trent Bridge, Nottingham |
| 7-June, Fri | Pakistan vs Sri Lanka | 3:00 PM | County Ground, Bristol |
| 8-June, Sat | England vs Bangladesh | 3:00 PM | Sophia Gardens, Cardiff |
| 8-June, Sat | Afghanistan vs New Zealand | 6:00 PM | The Cooper Associates County Ground, Taunton |
| 9-June, Sun | India vs Australia | 3:00 PM | Kennington Oval, London |
| 10-June, Mon | South Africa vs West Indies | 3:00 PM | The Rose Bowl, Southampton |
| 11-June, Tue | Bangladesh vs Sri Lanka | 3:00 PM | County Ground, Bristol |
| 12-June, Wed | Australia vs Pakistan | 3:00 PM | The Cooper Associates County Ground, Taunton |
| 13-June, Thu | India vs New Zealand | 3:00 PM | Trent Bridge, Nottingham |
| 14-June, Fri | England vs West Indies | 3:00 PM | The Rose Bowl, Southampton |
| 15-June, Sat | Sri Lanka vs Australia | 3:00 PM | Kennington Oval, London |
| 15-June, Sat | South Africa vs Afghanistan | 6:00 PM | Sophia Gardens, Cardiff |
| 16-June, Sun | India vs Pakistan | 3:00 PM | Old Trafford, Manchester |
| 17-June, Mon | West Indies vs Bangladesh | 3:00 PM | The Cooper Associates County Ground, Taunton |
| 18-June, Tue | England vs Afghanistan | 3:00 PM | Old Trafford, Manchester |

| Date/Day | Match | Time (IST) | Venue |
|---|---|---|---|
| 19-June, Wed | New Zealand vs South Africa | 3:00 PM | Edgbaston, Birmingham |
| 20-June, Thu | Australia vs Bangladesh | 3:00 PM | Trent Bridge, Nottingham |
| 21-June, Fri | England vs Sri Lanka | 3:00 PM | Headingley, Leeds |
| 22-June, Sat | India vs Afghanistan | 3:00 PM | The Rose Bowl, Southampton |
| 22-June, Sat | West Indies vs New Zealand | 6:00 PM | Old Trafford, Manchester |
| 23-June, Sun | Pakistan vs South Africa | 3:00 PM | Lord's, London |
| 24-June, Mon | Bangladesh vs Afghanistan | 3:00 PM | The Rose Bowl, Southampton |
| 25-June, Tue | England vs Australia | 3:00 PM | Lord's, London |
| 26-June, Wed | New Zealand vs Pakistan | 3:00 PM | Edgbaston, Birmingham |
| 27-June, Thu | West Indies vs India | 3:00 PM | Old Trafford, Manchester |
| 28-June, Fri | Sri Lanka vs South Africa | 3:00 PM | Riverside Ground, Chester-le-Street |
| 29-June, Sat | Pakistan vs Afghanistan | 3:00 PM | Headingley, Leeds |
| 29-June, Sat | New Zealand vs Australia | 6:00 PM | Lord's, London |
| 30-June, Sun | England vs India | 3:00 PM | Edgbaston, Birmingham |
| 1-July, Mon | Sri Lanka vs West Indies | 3:00 PM | Riverside Ground, Chester-le-Street |
| 2-July, Tue | Bangladesh vs India | 3:00 PM | Edgbaston, Birmingham |
| 3-July, Wed | England vs New Zealand | 3:00 PM | Riverside Ground, Chester-le-Street |
| 4-July, Thu | Afghanistan vs West Indies | 3:00 PM | Headingley, Leeds |
| 5-July, Fri | Pakistan vs Bangladesh | 3:00 PM | Lord's, London |
| 6-July, Sat | Sri Lanka vs India | 3:00 PM | Headingley, Leeds |
| 6-July, Sat | Australia vs South Africa | 6:00 PM | Old Trafford, Manchester |
| 9-July, Tue | TBC vs TBC 1st Semifinal | 3:00 PM | Old Trafford, Manchester |
| 11-July, Thu | TBC vs TBC 2nd Semifinal | 3:00 PM | Edgbaston, Birmingham |
| 14-July, Sun | TBC vs TBC Final | 3:00 PM | Lord's, London |

# ચંદ્ર પર પાણી શોધનારો ભારત દુનિયાનો પહેલો દેશ છે



ભારત અંતરીક્ષમાં તરતા સેટેલાઇટને તોડી શકે તેવી ટેકનોલોજી વિકસાવનારા દેશોની શ્રેણીમાં વિશ્વમાં ચોથા નંબરનો દેશ બન્યો છે. જેની પાસે બીજા સેટેલાઇટ તોડવાની ટેકનોલોજી છે. અત્યારે ઈસરોમાં લગભગ ૧૭ હજાર કર્મચારીઓ કામ કરી રહ્યાં છે. ઈસરોનું મુખ્ય કામ છે કે ભારત માટે અંતરીક્ષ સંબંધી ટેકનોલોજીનો વિકાસ કરવો અને નવા નવા ઈનોવેશન કરતા રહેવા. ઈસરોની શરુઆત ૧૫ ઓગષ્ટ ૧૯૬૯માં તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુના સમયમાં થઇ હતી. જેમાં સૌથી મોટુ યોગદાન વિક્રમ અંબાલાલ સારાભાઈનો રહ્યો હતો. ભારતનો પહેલો ઉપગ્રહ આર્યભટ્ટ ૧૯ એપ્રિલ ૧૯૭૫માં સવિયેટ સંઘ દ્વારા શરુ કરવામાં આવ્યો હતો. આ ઉપગ્રહનું નામ ભારતના જાણીતા ગણીતજ્ઞ આર્યભટ્ટના નામ પરથી રાખવામાં આવ્યું હતું. પરંતુ તેણે અવકાશમાં પાંચ જ દિવસમાં કામ કરવાનું બંધ કરી દીધુ હતું. પરંતુ ભારત માટે આ મોટી ઉપલબ્ધી હતી. ત્યારબાદ ભારતે ૧૯૮૦માં રોહીણી ઉપગ્રહ એસએલવી-૩ અવકાશમાં તરતો મુક્યો. ઈસરોએ ત્યારબાદ અન્ય બે રોકેટ અવકાશમાં છોડ્યા. ૨૦૧૪માં ઈસરોએ સફળતા પુર્વક જીસેટ-૧૪ના એક જીએસએલવી ડી ૫ પ્રક્ષપણ મેં એક સ્વદેશી ક્રાયોજેનિક એન્જિનનો પ્રયોગ કર્યો હતો.

## ભારતીય સંશોનનો ઇતિહાસ

ભારતમાં અતરિક્ષનો અનુભવ બહું જ જુના સમયનો છે. જ્યારે રોકેટનો આતિશબાજી તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો. હાલાકી આ પ્રયોગ ભારતમાં નહીં પરંતુ આપણા પાડોશી દેશ ચીન દ્વારા કરાયો હતો. ત્યારે બંને દેશ વચ્ચે સારા સંબંધો હતા. ભારતના ઈતિહાસમાં પહેલીવાર ટીપુ સુલતાને મૈસુરના યુધ્ધમાં રોકેટનો ઉપયોગ કર્યો હતો. જેને જોઈને અંગ્રેજ ઓફિસર વિલિયમ કંગ્રીવ પ્રભાવીત થાય હતા. ૧૯૪૭માં ભારતના વૈજ્ઞાનિકો અને બુદ્ધીજીવીઓએ રોકેટનો ઉપયોગ કરીને દેશની સુરક્ષામાં કઇ રીતે વધારો કરી શકાય તેના પર વિચાર કર્યો.

વિક્રમ સારાભાઈની ભારતીય અંતરીક્ષના પીતા તરીકે ગણના થાય છે. તેમની ગણના ભારતીય અંતરીક્ષ કાર્યક્રમના જનક તરીકે પણ થાય છે. ૧૮૫૭માં સ્પુતનિકના પ્રક્ષપણ બાદ તેમણે કુત્રીમ ઉપગ્રહોનો ઉપયોગને સમજ્યા. ૧૯૬૧માં અંતરીક્ષ અનુસંધાનને પરમાણુ ઉર્જા વિભાગની દેખરેખ નિચે ચલાવવામાં આવ્યો. તત્કાલીન સોવિયેટ સંઘ સાથે ભારત બુસ્ટર ટેકનિક મુદે સમજોતાની સામે અમેરીકાને મુશ્કેલી વધી. જેથી અમેરીકાએ પરમાણુ અપ્રસાર નિતી અંતર્ગત ભારત અને સોવિયેટ સંઘના સમજોતાનો વિરોધ કરાયો હતો. પરિણામે સોવિયેટ સંસ્થા ગ્લાવકાસ્મોસ પર પ્રતિબંધની ધમકી આપવામાં આવી. જેથી તેણે ભારત સાથેની ડિલ કેન્સલ કરી. સોવિયેટ સંઘ ભારતને ક્રાયોજેનિક લિક્વીડ રોકેટ એન્જિન ભારતને આપવાનો હતો. પરંતુ તેના નિર્માણ સાથે જોડાયેલી ટેકનોલોજી ભારતને આપવાનો ઈન્કાર કર્યો. પરિણામે ભારત પાસે ટેકનોલોજીનો અભાવ હોવા છતા પણ પોતાના સાહસ અને મક્કમ મનોબળને કારણે સોવિયેટ સંઘની ટેકનોલોજી કરતા પણ સારી ટેકનોલોજી ભારતે ૨૦૦૪માં શોધી. જેનો ઉપયોગ ઈસરોએ ભુસ્થિર ઉપગ્રહ પ્રક્ષેપણ યાનમાં કર્યો.



## રડાર ઇમેજીંગ સેટેલાઇટ

ઈસરો અત્યારે બે રડાર ઈમેજીંગ સેટેલાઈટ પર કામ કરી રહ્યું છે. જેમાં એક રીસેટ ૧ને ૨૬ એપ્રિલ ૨૦૧૨માં ધ્રુવીય ઉપગ્ર પ્રક્ષપણ યાનથી લોંચ કરવામાં આવ્યું હતું. આ રડારના ઉપયોગથી દિવસ અને રાત્રીમાં પણ કોઈપણ પદાર્થ પર પ્રકાશના કિરણો ફેંકીને તેની આકૃતિ મેળવી શકાય છે. આ ઉપરાંત ભારતે ઈઝરાયલ પાસેથી ખરીદેલો ઉપગ્રહ રીસેટ ૨ ૨૦૦૯માં લોંચ કર્યો હતો.

## ૧૦૪ ઉપગ્રહ તરતા મુકીને બનાવ્યો હતો રકોર્ડ

અંતરીક્ષમાં ભારતની સૌથી મોટી કામયાબી અથવા સફળતા એક સાથે ૧૦૪ ઉપગ્રહોને અંતરીક્ષમાં છોડવાની ગણી શકાય. ઈસરોના પીએસએલવીને ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૭ ના દિવસે શ્રી હરીકોટા અંતરીક્ષ કેન્દ્ર પર આ કાયર્ક્રમને સફળતા પુર્વક પાર પાડવામાં આવ્યો. જાણકારોના મત પ્રમાણે આ ૧૦૪ ઉપગ્રહોમાં ભારતના ભારતના ત્રણ સહિત વિદેશોના ૧૦૧ ઉપગ્રહોને જોડવામાં આવ્યા હતા.





## ઇસરોનો માનવ અંતરીક્ષ ઉડાન કાર્યક્રમ

ભારતીય અંતરીક અનુસંધાન સંગઠનને માનવ અંતરીક્ષ કાર્યક્રમ માટે સરકાર સામે ૧૨૪ અરબના બજેટનો પ્રસ્તાવ મુક્યો છે. અંતરીક્ષ અયોગના અંદાજ પ્રમાણે જે બજેટની માંગણી કરવામાં આવી છે જેની મંજુરીના સાત વર્ષ પછી જ માનવ રહીત ઉપગ્રહ આપણે અંતરીક્ષમાં મોકલી શકીએ છીએ.જો આ શક્ય બને તો ભારત રશીયા, અમેરીકા અને ચીન પછી ચોથો દેશ હશે કે જે સ્વદેશમાં જ પોતાનો ઉપગ્રહ મોકલી શકે છે. ભારત સરકારે ૨૦૧૬ સુધી આ પ્રોજેક્ટ માટે બજેટની ફાળવણી કરી નથી.

## ઇસરોની ફેક્ટ ફાઇલ

૧. ઇસરોનું હેડક્વાટર બેંગલોરમાં આવેલું છે. તેને એતરિક્ષ વિભાગ દ્વારા કંટ્રોલ કરવામાં આવે છે. જે સીધુ જ ભારતના પ્રધાનમંત્રીને રિપોટર્ કરે છે.

૨. અમેરિકા, રુસ, જાપાન, ફ્રાંસ, ચીન અને ભારત સહિત દુનિયાના માત્ર ૬ દેશો પાસે જ સેટેલાઇટને અંતરીક્ષમાં લોંચ કરવાની ટેકનિક છે.

૩. ઇસરોના પાછળના ૪૦ વર્ષનો ખર્ચ નાસાના એક દિવસના ખર્ચ કરતા પણ અડધો છે. જ્યારે કે નાસાની ઇન્ટરનેટ સ્પીટ ૯૧ જીબીપીએસ છે જેની સામે ઇસરોની સ્પિડ ૨ જીબીપીએસ છે.

૪. પાકિસ્તાનની પણ એક સ્પેસ એજન્સી છે. જેનું નામ સુપારકો છે. જેનું નિર્માણ ૧૯૬૧માં થયું હતું. જ્યારે કે ઇસરોનું નિર્માણ ૧૯૬૯માં થયું હતું. ઇસરોએ અત્યાર સુધીમાં ૮૬ સેટેલાઇટ લોંચ કરી ચુક્યું છે. જ્યારે કે સુપારકો પોતાના દેશ માટે ૨ સેટેલાઇટ લોંચ કર્યા છે એ પણ વિદેશની ધરતી પરથી, બીજા દેશોની મદદથી.

૫. ભારતના પહેલા રોકેટ લોંચિંગ પ્રોગ્રામના સમયે ભારતીય વૈજ્ઞાનિક દરરોજ તિરુવંતપુરમથી પસમાં આવતા હતા અને રેલ્વેસ્ટેશન ઉપર બપોરે જમતા હતા. પહેલા રોકેટના ઘણા ભાગોને સાઇકલ પર મુકીને લાવવામાં આવ્યા હતા.

૬. ઇસરોના પહેલા સેટેલાઇટ આર્યભટ્ટને ૧૯ એપ્રિલ ૧૯૭૫ના રોજ રુસની મદદથી અંતરીક્ષમાં છોડવામાં આવ્યો હતો.

૭. ૧૯૬૧માં એપ્પલ સેટેલાઇટને પુરતા સંસાધનોની કમીને કારણે બળદગાડી પર લોંચીંગ પેડ સુધી લઇ જવામાં આવ્યો હતો.

૮. બીજા દેશોની અંતરીક્ષ સંગઠનોની સરખામણીમાં ભારતીય અંતરીક્ષ પર કામ કરનારા વિજ્ઞાનિકોમાં સૌથી વધારે વૈજ્ઞાનિકો સિંગલ છે. તેઓએ આજીવન લગ્ન કર્યા નથી.

૯. ઇસરો પોતાના પહેલા જ પ્રયત્ને મંગળ ગ્રહ પર પંહોચનારો પહેલી એજન્સી અને ભારત પહેલો દેશ છે. જ્યારે કે અમેરીકાએ ૫ વાર પ્રયત્નો કર્યા બાદ સફળતા મળી હતી, જ્યારે ચીન, રુસ પણ પોતાના પહેલા પ્રયત્નમાં અસફળ રહ્યા હતા.

૧૦. ઇસસોનું મંગળ મિશન અત્યાર સુધીનું સૌથી સસ્તુ મિશન રહ્યું છે. જેમાં ૪૫૦ કરોડ ્રૃપિયા લગાવવામાં આવ્યા હતા. જેમાં એક કિલોમિટર પ્રમાણેનો ખર્ચ ૧૨ ્રૃપિયા લાગ્યો હતો. જે એક રિક્ષા કરતા પણ ઓછો રહ્યો છે. જો તમે તેની તુલના હોલિવુડ ફિલ્મો સાથે કરો તો ફિલ્મોના બજેટ કરતા પણ આ પ્રોજેક્ટ સસ્તો રહ્યો હતો.

૧૧. ઇસરોએ ગુગલ અર્થનું સ્વેદેશી વર્ઝન માર્કેટમાં મુક્યું છે. જેનું નામ ઇસરોએ ભુવન આપ્યું છે. આ વેબ આધારીત ૩ડી સેટેલાઇટ ઇમેજ ટુલ છે.

૧૨. જ્યારે દુનીયાના ઘણા દેશો નેવિગેશન માટે અમેરિકાના જીપીએસ પર આધાર રાખતા હતા ત્યારે ભારતે નેવિગેશન સેટેલાઇટ, આઇઆરએનએસએસ લોંચ કરી ચુક્યા હતા. જેથી અમેરીકા પર જીપીએસ બાબતે ભારતે આધાર રાખવાની કોઇ જારૂર રહી નહોતી.

૧૩. ઇસરો માત્ર દેશ માટે સેટેલાઇટ બનાવે છે એટલુ જ પુરતું નથીય પરંતુ તે લોકોને જારૂરિયાત પ્રમાણે પોતાના ડાટા આપે છે. ગયા વર્ષે ઇસરોએ ૧૪ અરબ રુપિયાની કમાણી કરી.

## ચંદ્ર પર પાણી શોધનારો ભારત પહેલો દેશ

ઈસરોએ વૈજ્ઞાનિકોની મદદથી દેશની સાથે દુનિયાના મોટા વૈજ્ઞાનિકોને ચોંકાવી દે તેવા અંતરીક્ષના રહસ્યોને ઉજાગર કર્યા છે. જેમાં સૌથી મોટી સિદ્ધી ચંદ્રયાનની છે. ચંદ્રયાન-૧ને ૨૨ ઓક્ટોબર ૨૦૦૮માં સતીષ ધવન અંતરિક્ષ કેન્દ્ર પરથી છોડવામાં આવ્યો હતો. તેને ચંદ્ર સુધી પંહોચવામાં પાંચ દિવસનો સમય લાગ્યો. ઉપરાંત ઉપગ્રને ચંદ્રની કક્ષામં પંહોચવા માટે ૧૫ દિવસનો સમય લાગ્યો. વૈજ્ઞાનિકોનું માનવું હતું કે ચંદ્રયાન ૧-૨ વર્ષ સુધી કામ કરશે. પરંતુ કમનસિબે ૧૦ મહિના પુરા થવાને પાંચ દિવસ બાકી હતા ત્યાં જ ચંદ્રયાન સાથે સંપર્ક તુટી ગયો. પરિણામે સંપુર્ણ મિશનને પુરુ જાહેર કરવામાં આવ્યુ. પરંતુ સૌથી સારી બાબત એ રહી કે આ ૧૦ મહિનામાં ચંદ્રયાનો પોતાનું ૯૫ ટકા કામ પુરુ કરી ચુક્યું હતું. તેમને જાણીને આનંદ થશે કે ચંદ્રયાન-૧ને કારણે ભારત ચંદ્ર પર પાણી શોધનારો પહેલો દેશ બન્યો. ચંદ્રયાને ચંદ્રની સપાટી પર પર્વતોની વચ્ચે પાણી હાવોનું જણાવ્યું હતું, આ બાબતને દુનિયાના બાકી દેશોએ પણ સ્વિકારી હતી. એટલે કે ભારત ચંદ્ર પર પાણી શોધનારો પહેલો દેશ બની ગયો હતો.

## મિશન આદિત્ય નવો વિક્રમ સ્થાપશે

મિશન આદિત્ય ઈસરોનો ભવિષ્યનો પ્રોજેક્ટ છે. આદિત્ય ઉપગ્રહનું નામ આપવામાં આવ્યું છે. જે સુર્યના સૌથી ભારે ભાગનું અધ્યયન કરશે. કારણ કે અત્યાર સુધી સુર્યના ભારે ભાગનું અધ્યયન માત્ર સુર્ય ગ્રહણના સમયે જ થઈ શકતું હતું. આ મિશનની ૨૦૧૯-૨૦માં શરુઆત કરવાની વિચારણા હતી.

RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210